# A Synopsis

of The Thesis to be Submitted for

**Ph.D. Degree in Gujarati**

At The Maharaja Sayajirao University of Baroda, Vadodara

ધ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડા, વડોદરામાં

ગુજરાતી વિષયમાં પીએચ.ડી.ની પદવી માટે રજૂ થનાર શોધનિબંધની રૂપરેખા

**<u>Research Topic for Ph.D.</u>**

**"Dhirubhai Thakar's Contribution to Gujarati Literature : A Critical Study"**

**"ધીરુભાઈ ઠાકરનું ગુજરાતી સાહિત્યમાં પ્રદાન એક વિવેચનાત્મક અભ્યાસ"**


**<u>Presented By</u>**

Parmar kanubhai D.

**<u>Guide</u>**

Dr. Bharat Mehta

Professor,

Department of Gujarati,

Faculty of Arts,

The M.S. University of Baroda,

Vadodara

મારો સંશોધનનો વિષય છે. “ધીરુભાઈ ઠાકરનું ગુજરાતી સાહિત્યમાં પ્રદાન એક વિવેચનાત્મક અભ્યાસ”. પ્રસ્તુત શોધનિબંધને સુનિયોજિત અને સચોટ બનાવવા તથા તેના પ્રત્યેક પાસાંને યોગ્ય ન્યાય મળી રહે એ હેતુથી કુલ ૮ પ્રકરણો અને ૪ પરિશિષ્ટોમાં વિભાજિત કરેલ છે. આ શોધનિબંધનો પ્રકરણવાર અનુક્રમ નીચે મુજબ છે.


પ્રકરણ ૧- ધીરુભાઈ ઠાકરનું જીવન અને એમની સાહિત્યિક રુચિને ઘડનારા પરિબળો

પ્રકરણ ૨- ધીરુભાઈ ઠાકરનું વિવેચન સાહિત્ય

પ્રકરણ ૩- ગુજરાતી સાહિત્યના ઈતિહાસના આલેખક

પ્રકરણ ૪- નાટ્યક્ષેત્રે પ્રદાન

પ્રકરણ ૫- ચરિત્ર-નિબંધ સાહિત્ય

પ્રકરણ ૬- વિશ્વકોશપ્રવૃત્તિ

પ્રકરણ ૭- સ્વાધ્યાય સૂચિ-અનુવાદ-સંપાદન

પ્રકરણ ૮- ઉપસંહાર

પરિશિષ્ટ- ૧ ધીરુભાઈ ઠાકરની સાલવારી પ્રમાણે જીવનરેખા

પરિશિષ્ટ- ૨ વિવેચન અને નિબંધસંગ્રહોમાંના લેખોની વર્ગીકૃત સૂચિ

પરિશિષ્ટ- ૩ ધીરુભાઈ ઠાકરના પુસ્તકોની સૂચિ

## પ્રકરણ ૧

## ધીરુભાઈ ઠાકરનું જીવન અને એમની સાહિત્યિક રુચિને ઘડનારા પરિબળો

પ્રસ્તુત પ્રકરણ ધીરુભાઈ ઠાકરના જીવનઘડતર વિશેનું છે. અહીં ધીરુભાઈના જન્મસ્થળ કોડીનારની અને તેમના માતા-પિતા, શિક્ષકો, મિત્રો તેમજ કેટલાક પ્રસંગોની તેમના જીવનઘડતર પર શી અસર થઈ તેની ચર્ચા કરવામાં આવી છે. ધીરુભાઈના જીવનના શૈશવકાળની વિગતો, અભ્યાસને અંતે સ્વીકારેલો અધ્યાપકનો વ્યવસાય અને એમની કૉલેજ કારકિર્દીની વિગતોને મૂલવી આપી છે.

પ્રાથમિક શિક્ષણ કોડીનાર, ઘાંટવડ અને ચાણસ્મા ગામમાં લીધ્યું હતું. સુરતની એમ.ટી.બી.કૉલેજમાં ઉચ્ચશિક્ષણનો પ્રારંભ કર્યો. ઈન્ટર સાયન્સમાંથી ઈન્ટર આર્ટ્સમાં પ્રવેશ મેળવ્યો અને તે પછી તેમના જીવનમાં નાટ્યકળા માટે જાગેલો તીવ્ર રસ, સાહિત્યની દુનિયામાં પ્રવેશ, તેજસ્વી સાહિત્યકારો સાથેની મુલાકાતો, તેમના તરફથી મળતું નિકટમ સાંનિધ્ય આ બધુ જ તેમના જીવનને પ્રેરનારું પોષક તત્ત્વ બની રહ્યું હતું તેનું વિગતે આ પ્રકરણમાં આલેખન કરી આપ્યું છે. વળી ઉત્કૃષ્ટ સાહિત્યસેવા બદલ તેમને વિવિધ પારિતોષિકોથી સન્માનિત કરવામાં આવ્યા હતા તેની નોંધ પણ આ પ્રકરણમાં કરવામાં આવી છે.

### પ્રકરણ ૨

### ધીરુભાઈ ઠાકરનું વિવેચન સાહિત્ય

પ્રસ્તુત પ્રકરણમાં વિવેચક ધીરુભાઈ ઠાકરના બાર વિવેચન સંગ્રહોને મૂલવવાનો પ્રયાસ કર્યો છે. ‘મણિલાલ નભુભાઈ: સાહિત્યસાધના’(૧૯૫૬), ‘રસ અને રુચિ’(૧૯૬૩), ‘સાંપ્રત સાહિત્ય’(૧૯૬૮), ‘પ્રતીભાવ’(૧૯૭૨), ‘વિક્ષેપ’(૧૯૭૩), ‘વિભાવિતમ્’(૧૯૮૩), ‘નાટ્યકળા’(૧૯૮૫), ‘અભિજ્ઞાન’(૧૯૯૨), ‘શબ્દ અને સંસ્કૃતિ’(૨૦૦૨), ‘શબ્દનું સખ્ય’(૨૦૦૭), ‘કેટલાક સાહિત્યિક વિવાદો’(૨૦૧૧) અને ‘ગાંધીજી અને પાંચ સાક્ષરો’(૨૦૧૨) આ બધા સંગ્રહોમાં વિવેચકે નિરીક્ષરવિવેકથી તથા સાહિત્યિક વિચારો-પ્રવાહોને પૂરી તટસ્થતાથી આ વિવેચન પુસ્તકમાં ઉતાર્યા છે તેનું અવલોકન કરી આપ્યું છે.

સાહિત્યના અન્ય વિવેચકોથી ધીરુભાઈ ઠાકરની વિવેચન પદ્ધતિ કઈ રીતે ભિન્ન છે, તેમજ તટસ્થભાવે સ્પષ્ટ અભિપ્રાય આપીને કૃતિને કેવી રીતે મૂલવે છે તેના વિશિષ્ટ લક્ષણો તારવી આપ્યા છે. એકંદરે એક સંનિષ્ટ વિવેચકમાં હોવા જોઈએ એ સર્વ ગુણો ધીરુભાઈમાં છે. જેની નોંધ આ પ્રકરણમાં કરવામાં આવી છે.

## પ્રકરણ ૩

## ગુજરાતી સાહિત્યના ઈતિહાસના આલેખક

પ્રસ્તુત પ્રકરણમાં ગુજરાતી સાહિત્યના ઈતિહાસના આલેખક ધીરુભાઈ ઠાકરને મૂલવવાનો પ્રયાસ કર્યો છે. વિદ્યાર્થી જગતમાં લોકપ્રિય એવા 'ગુજરાતી સાહિત્યની વિકાસરેખા' (ભાગ ૧થી ૫ )એ ગુજરાતી સાહિત્યમાં એમનું અનોખું પ્રદાન છે. સાહિત્યિક ઈતિહાસ લખવાની તેમની સંક્ષિપ્તા, સુઘડતા અને તટસ્થભાવે અભિપ્રાય આપવાની કુશળતા આ સર્વ પાસાંઓને અહીં સદ્રષ્ટાંત ચર્ચા કરવામાં આવી છે. ઈતિહાસની સમગ્ર ગ્રંથશ્રેણી 'ગુજરાતી સાહિત્યની વિકાસરેખા' મધ્યકાળ(૧૯૫૬), 'અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા'(૨૦૧૧)સુધારકયુગ,'અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા'(૨૦૧૧)સાક્ષરયુગ, 'અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા'(૨૦૧૧)ગાંધીયુગ અને અનુગાંધીયુગ અને 'અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા'(૨૦૧૫)આધુનિક અને અનુઆધુનિક પ્રવાહો એવા પાંચ ગ્રંથોની લેખન પદ્ધતિની ચર્ચા કરવામાં આવી છે. અધ્યાપકગણ અને વિદ્યાર્થીઓ માટે ઉત્તમ સંદર્ભગ્રંથની ગરજ સારે તેવા એકસૂત્રિત આયોજનવાળા અને પ્રમાણભૂત રીતે પ્રવાહી શૈલીમાં ઈતિહાસ લખવાનો તેમનો પ્રયત્ન કેવો રહ્યો છે તેની વાત અહીં કરવામાં આવી છે.

## પ્રકરણ ૪

## નાટ્યક્ષેત્રે પ્રદાન

પ્રસ્તુત પ્રકરણમાં નાટ્યક્ષેત્રે માતબર પ્રદાન કરનાર ધીરુભાઈ ઠાકરને નાટ્યસર્જક, નાટ્યવિવેચન અને નાટ્યવિવેચન સંપાદક તરીકે અહીં મૂલવવામાં આવ્યા છે. વિદ્યાર્થી અવસ્થામાંથી જ નાટ્યપ્રવૃત્તિમાં વિશેષ રસ ધરાવનાર ધીરુભાઈ ઠાકરનો નાટ્યરસ કૉલેજકાળમાં વધુ ફૂલે-ફાલે છે.

ત્યારપછી પોતાની અધ્યાપકીય કારકિર્દીમાં સાહિત્ય, શિક્ષણ અને નાટકની ઉપકારક પ્રવૃત્તિમાં નોંધપાત્ર યોગદાન રહ્યું હતું. જેને કારણે તેમની પાસેથી 'ઊંચો પર્વત, ઊંડી ખીણ'(૧૯૯૩)અને 'બે બાળનાટકો'(૧૯૯૮)નામે મૌલિક નાટકો સાંપડે છે જેની અહીં નાટકના ઘટકતત્ત્વોને ધ્યાનમાં રાખીને મૂલવવાનો પ્રયાસ કર્યો છે. સમાયાંતરે પ્રગટ થયેલા તેમના બાર વિવેચનસંગ્રહોમાં મોટાભાગે નાટ્યવિવેચનના લેખો પ્રાપ્ત થાય છે જેનું અવલોકન પણ કરી આપ્યું છે. 'અભિનેય નાટકો'(૧૯૫૮), 'નાટક દેશવિદેશમાં'(૨૦૦૨)અને 'નાટ્યતાલીમના નેપથ્યે'(૨૦૦૫) જેવા નાટ્યવિવેચન સંપાદનને અહીં મૂલવી આપ્યું છે. ગુજરાતી નાટક અને રંગભૂમિને ગતિશીલ રાખવામાં ધીરુભાઈ ઠાકરનું જે સ્મરણીય પ્રદાન રહ્યું હતું તેની વિગતે વાત આ પ્રકરણમાં કરી આપી છે.

## પ્રકરણ ૫

## ચરિત્ર-નિબંધ સાહિત્ય

પ્રસ્તુત પ્રકરણમાં ધીરુભાઈ ઠાકરનું ગુજરાતી ચરિત્ર અને નિબંધસાહિત્યમાં કરેલા પ્રદાનની વાત કરવામાં આવી છે. 'મણિલાલ નભુભાઈ: જીવનરંગ' (૧૯૫૮), 'પરંપરા અને પ્રગતિ'(૧૯૮૦), 'સ્મરણમાધુરી'(૧૯૯૧)અને 'મણિલાલ દ્વિવેદી'(૨૦03) એમ ચાર જીવનચરિત્રાત્મક પુસ્તકોનું મૂલ્યાંકન કરી આપ્યું છે. આ નોંધપાત્ર કૃતિઓમાં ચરિત્રકારે ધીર, ગંભીર, શિષ્ટ અને સરળ શૈલીમાં પોતાને પ્રાપ્ત વિગતોને આધારે કેવા સંજોગોમાં ચરિત્ર લખ્યું છે તેની વાત અહીં કરવામાં આવી છે.

ધીરુભાઈ ઠાકરે 'જીવનમાધુરી' શ્રેણી અંતર્ગત 'સંસ્કારમાધુરી'(૧૯૯૦), 'શબ્દમાધુરી'(૧૯૯૧), 'સત્સંગમાધુરી'(૧૯૯૫),'રંગમાધુરી'(૨૦૦૦),'પત્રમાધુરી'(૨૦૦૨),'સફરમાધુરી'(૨૦૦૪),'વિશ્વમાધુરી'(૨૦૦૭),અને 'પ્રસંગમાધુરી'(૨૦૧૨)આઠ નિબંધસંગ્રહો પ્રાપ્ત થાય છે. તેમના મોટાભાગના નિબંધો વિવિધ નિમિત્તે આપેલા વાર્તાલાપો, તત્ત્વજ્ઞાન, શિક્ષણ, ધર્મ, અધ્યાત્મ, નાટક, રંગભૂમિ અને વિશ્વકોશને સ્પર્શે છે. કલાવિષયક અને વ્યક્તિચિત્રો જેવા અનેક વિષયો પર લખેલા નિબંધો છે. અહીં બિન્ન ભિન્ન સ્વરૂપ ધરાવતાં 'માધુરી' શીર્ષકને ચરિતાર્થ કરતા નિબંધોને આ પ્રકરણમાં મૂલવી આપ્યા છે.

## પ્રકરણ ૬

## વિશ્વકોશપ્રવૃત્તિ

પ્રસ્તુત પ્રકરણમાં ધીરુભાઈ ઠાકરે નિવૃત્તિ બાદ ગુજરાતી વિશ્વકોશનું કામ હાથ પર લીધ્યું. પરિણામે ર૯િસેમ્બર ઈ.સ ૧૯૮૫માં ગુજરાત વિશ્વકોશની સ્થાપના થઈ. ગુજરાતી વિશ્વકોશના મુખ્ય સંપાદક ધીરુભાઈ ઠાકરના નેતૃત્વ હેઠળ ૧૯૮૫થી ૨૦૦૮ સમયગાળામાં ગુજરાતી વિશ્વકોશના ૧થી ૨૫ ગ્રંથો સુલભ કરી આપ્યા. અહીં ગુજરાતી વિશ્વકોશનો વિચાર તેમને કેવા સંજોગોમાં આવ્યો, વિશ્વકોશ ટ્રસ્ટની રચના કેવી રીતે થઈ, વિશ્વકોશનું આયોજન, સંપાદનનું રૂપ કેવી રીતે ઘડાયું તથા અન્ય વિશ્વકોશોની જોયેલી રૂપરેખા, વિષય-અધિકરણ યાદીની સમગ્ર પ્રક્રિયા, વિશ્વકોશની ઉપયોગિતા આ સર્વ પાસાંઓની અહીં ચર્ચા કરવામાં આવી છે. ધીરુભાઈ ઠાકરે ગુજરાતને ગુજરાતી ભાષામાં વિશ્વકોશ મળી રહે એ માટેના એમના અથાગ પ્રયાસોને સફળતા કેવી રીતે મળી તે દરેક બાબતનું અવલોકન આ પ્રકરણમાં કરી આપ્યું છે.

## પ્રકરણ ૭

## સ્વાધ્યાય સૂચિ-અનુવાદ-સંપાદન

પ્રસ્તુત પ્રકરણમાં ધીરુભાઈ ઠાકર લિખિત સ્વાધ્યાય સૂચિ, અનુવાદ અને સંપાદન એમ ત્રણ બાબતોનો સમાવેશ કર્યો છે. તેમણે મણિલાલ નભુભાઈ દ્વિવેદીના સામયિક વિશેની સૂચિ ‘સુદર્શન અને પ્રિયંવદા’(૧૯૬૬), રમણભાઈ નીલકંઠના સામયિક ‘જ્ઞાનસુધા’(૧૯૮૮) અને ગોવર્ધનરામ ત્રિપાઠીના ‘સમાલોચક’(૧૯૮૮)એમ ચાર સામયિકોની સૂચિઓ પ્રગટ કરી છે. આ સામાયિકોની માત્ર શુષ્ક લેખ સૂચિઓ નથી, પણ જે તે સામયિકોમાં પ્રકાશિત થયેલ પ્રત્યેક લેખના સાર-સંદર્ભની મિતાક્ષરી નોંધ સાથેની રસપ્રદ અને અતિ ઉપયોગી સૂચિઓ છે. આ સૂચિઓમાંથી મળતી મહત્ત્વની માહિતી અને સૂચિઓની યશસ્વી કામગીરીને વિગતે મૂલવી આપી છે. ધીરુભાઈ ઠાકર પાસેથી ‘પ્રવાસી પિરામિડનો’(૨૦૦૬) અને ‘સત્યની મુખોમુખ’(૨૦૧૦) જેવા બે અનુવાદના પુસ્તકો પ્રાપ્ત થાય છે. જેનું મૂલ્યાંકન પણ અહીં કરી આપ્યું છે.

ધીરુભાઈ ઠાકરે સંપાદિત કરેલા પુસ્તકોમાં ‘મણિલાલની વિચારધારા’(૧૯૪૮), ‘મણિલાલના ત્રણ લેખો’(૧૯૪૯), ‘કાન્તા’(૧૯૫૪), ‘નૃસિંહાવતાર’(૧૯૫૫), ‘જયભિખ્ખુ વાર્તાસૌરભ: ૧-૨’(૧૯૫૫), ‘ચૌલાદેવી’(૧૯૫૬),‘ધૂમકેતુવાર્તાસૌરભ:૧-૨’(૧૯૫૮)‘આત્મનિમજ્જન’(૧૯૫૯),‘પ્રાણવિનિમય’(૧૯૬૮), ‘કરુણપ્રશસ્તિ કાવ્યો’(૧૯૭૦),‘મણિલાલ નભુભાઈ દ્વિવેદીનું આત્મવૃત્તાન્ત’(૧૯૭૯),‘મારી હકીકત’(૧૯૮૩),‘મ.ન.દ્વિવેદી સાહિત્યશ્રેણી ૧થી ૮’(૧૯૯૯થી ૨૦૦૨)અને ‘સીદ્ધાંતસારનું અવલોકન’(૨૦૦૪) એ વ્યક્તિગતરૂપે સંપાદિત કરેલા સંપાદનો છે. વળી ‘આપણાં ખંડકાવ્યો’(૧૯૫૮), ‘ચંદ્રહાસ આખ્યાન’(૧૯૬૧), ‘કાવ્યસંચય-૨’(૧૯૮૧) અને ‘મણિલાલ દ્વિવેદી સંચય’(૨૦૦૨) એ અન્યના સહકારમાં કરેલા સંપાદનો છે. સંપાદન પરત્વે સામગ્રીનું શોધન કરીને મૂળ પાઠ સુધી પહોંચવાનો પ્રયત્ન, તેમની સંપાદન પદ્ધતિ અને લાક્ષણિકતાઓનું વિગતે અવલોકન આ પ્રકરણમાં કરી આપ્યું છે.

## પ્રકરણ-૮

## ઉપસંહાર

પ્રસ્તુત પ્રકરણમાં ધીરુભાઈ ઠાકરના સમગ્ર સાહિત્યસર્જનનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે. શિક્ષણ અને સાહિત્યનો લક્ષ્યવેધ કરનારા ‘સવ્યસાચી’ ઉપનામધારી ધીરુભાઈનું સાહિત્યજગત-ભાવજગત અન્ય સાહિત્યકારોથી તદ્દન ભિન્ન છે. તેમણે કોઈ ઉત્તમ નવલકથા, નવલિકા કે કવિતાઓ લખી નથી, પણ સાહિત્યમાં તેમનું મૂલ્યવાન પ્રદાન વિશ્વકોશકાર અને ઈતિહાસકાર તરીકેનું છે. તેમનું સાક્ષર શ્રી મણિલાલ નભુભાઈ દ્વિવેદી પરનું સંશોધનકાર્ય તો ઊગતી પેઢીને પ્રેરણારૂપ બને તેમ છે. તેમનું બીજું પાસું નાટક પ્રત્યેની ચાહના છે. સાંપ્રત સમયગાળામાં જોવા મળતી નાટકની દિશા-દશાથી તેઓ સતત ચિંતિત છે. ગુજરાતમાં ઉત્તમ નાટકોનો અભાવ, તેની ખામીઓ તથા ધંધાદારી નાટકોની પ્રણાલી પર ખૂબ લખ્યું છે. તેનું ઉત્તમ ઉદાહરણ ‘નાટ્યકળા’ પુસ્તક છે. તેમની વિવેચનપ્રવૃત્તિ અર્વાચીન યુગના સાહિત્ય સુધી વિસ્તરેલી છે. મધ્યકાલીન અને અર્વાચીન સાહિત્યનો ઈતિહાસ લખવો, તેની સંશોધિત-સંવર્ધિત આવૃત્તિઓ બહાર પાડવી, એ તેમના અધ્યયનનો વિષય છે. આમ સમગ્ર સંશોધનકાર્યમાં ધીરુભાઈ ઠાકરની તેજસ્વી પ્રતિભા નીખરી આવે છે. નાટક, ચરિત્ર, નિબંધ, વિવેચન, પ્રવાસ, પત્રો,

સાહિત્યનો ઈતિહાસ, અનુવાદ, સંશોધન, સંપાદનથી ગુજરાતી સાહિત્યને સમૃદ્ધ કરવામાં તેમનો સર્જનાત્મક ફાળો રહ્યો છે તેનું મૂલ્યાંકન અહીં કરી આપ્યું છે.

પરિશિષ્ટ-૧

ધીરુભાઈ ઠાકરના કુટુંબનું વંશવૃક્ષ અત્રે રજૂ કર્યું છે.

પરિશિષ્ટ-૨

ધીરુભાઈ ઠાકરની સાલવારી પ્રમાણે જીવનરેખા અત્રે રજૂ કરેલ છે.

પરિશિષ્ટ-૩

વિવેચન અને નિબંધસંગ્રહોમાંના લેખોની વર્ગીકૃત સૂચિ અત્રે રજૂ કરેલ છે.